ક્રમાંક–૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરુવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪**

નામદાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.
(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૩૫ મિનિટના વિરામ બાદ)
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષપદે
બપોરના ૧–૧૫ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદે માતરમ્'' રાષ્ટ્રગીતની ધૂન વગાડી કરવામાં આવી.)

**૧. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી નરેશભાઇ પટેલે સભ્યશ્રી કેશાજી ચૌહાણના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ તથા ગુજરાતના પૂર્વ સભ્યો સ્વ.શ્રી નાથાભાઇ દેવજીભાઇ પટેલ, સ્વ.શ્રી મોહનદાસ નેમચંદ શાહ, સ્વ.શ્રી સુનિલ બાલકૃષ્ણભાઇ ઓઝા, સ્વ.શ્રીમતી જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ સોમાણી અને સ્વ.શ્રી ધનજીભાઇ ગોવિંદભાઇ સેંધાણીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, સભ્યશ્રીઓ શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી અનિરુદ્ધભાઇ દવે, મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા તથા શ્રી ફતેસિંહ ચૌહાણે શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૨) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**......શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૫–૧૬નો ઓડિટ અહેવાલ અને તેના પર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબ

**......માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલ**

(૪) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

**......માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૧–૨૦૨૨નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

**૫. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક–૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૬. સભ્યશ્રીના રાજીનામા અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત (નિયમ–૨૬૯)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્ય શ્રી ભૂપેન્દ્રભાઇ ભાયાણી, ડો. સી.જે.ચાવડા, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી ચિરાગકુમાર પટેલના રાજીનામા અંગેની જાહેરાત કરી.

**૭. કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૮. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**૯. સરકારી વિધેયક**

માનનીય મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૨૪નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
( પ્રવચન અધૂરું )

**(વિરામ બપોરના ૨–૩૬થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી અમિત ચાવડાએ અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૨) શ્રી વી.ડી ઝાલા | (૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર |
| (૩) શ્રી ઉદય કાનગડ | (૮) શ્રી કેશુભાઇ પટેલ |
| (૪) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા | (૯) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી |
| (૫) શ્રી સી.કે.રાઉલજી | (૧૦) શ્રી અમૃતજી ઠાકોર |
| (૬) શ્રી વિનોદભાઇ મોરડિયા | (૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા |

ચર્ચાનો જવાબ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને સુધારેલ વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

આવતીકાલે બજેટ પૂરું થયા પછી વિધાનસભાના ચોથા માળે આવેલ શાસકપક્ષ ખંડમાં સ્કૂલ ઓફ અલ્ટીમેટ લિડરશીપ અંતર્ગત બજેટને સમજવા અંગેના એક સેમિનારના આયોજન અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, શુક્રવાર તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪–૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક–૨

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**શુક્રવાર, તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

કોંગ્રેસ પક્ષ કાર્યાલયની અંદર પોસ્ટર બનાવવાની કામગીરી અંગેની માહિતી મળેલ હોવાથી તથા વિધાનસભા વિસ્તાર અધ્યક્ષશ્રીનું કાર્યક્ષેત્ર હોવાથી, કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાને આવી કામગીરી અટકાવવા માટેની માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૨. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

મીડિયાના મિત્રોને પણ પ્રશ્નોત્તરી પ્રશ્નના ક્રમાનુસાર નેવા વેબસાઇટમાં દેખાય તે રીતની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા વિધાનસભા સચિવાલયને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૪. પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્નો અગ્રતાક્રમ– ૩,૪,૫,૬,૭,૮ અને ૯ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૦થી ૬૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૫. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૬. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૪–૨૫ના વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચ્યા બાદ સન ૨૦૨૪–૨૫ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ તથા માનનીય મંત્રીશ્રીઓ માટે વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ શાસક પક્ષ ખંડમાં બપોરે ૨–૩૦ કલાકે અંદાજપત્ર બાબતે રાખવામાં આવેલ સેમિનાર અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, સોમવાર તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧૨–૪૭ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯,૧૧, ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

રાજસ્થાન વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી વાસુદેવ દેવનાની ગુજરાત વિધાનસભાની મુલાકાતે પધારેલ હોવાથી માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યો વતી તેમનું સ્વાગત કર્યું.

૩. **પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ –૧૩નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૭ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.
સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪થી ૫૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.
પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

૪. **માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ–૧૨૦)**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એક દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનને કારણે છેલ્લાં ૫૦૦થી વધુ વર્ષથી પ્રતીક્ષા કરનાર ભકિતમય હિન્દુ સમાજ રામલલ્લાને અયોધ્યામાં ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરી શક્યા. આ અંગે સદીઓથી લાખો સંસ્કૃતિ ભક્તોએ બલિદાનો આપ્યા, જેના પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યામાં રામમંદિરનું પુનર્નિમાણ કરી શક્યા, જેથી આ સભાગૃહ આદરણીય નરેન્દ્રભાઈ મોદીને આ સહસ્રાબ્દીઓ સુધી યાદ રહે તેવું ઐતિહાસિક સાંસ્કૃતિક દાયિત્વ નિભાવવા બદલ અભિનંદન પાઠવતો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી અમીત ઠાકર
(૩) શ્રી અનિરુદ્ધ દવે
(૪) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૫) શ્રી મહેશ કસવાલા
(૬) શ્રી પ્રવીણકુમાર માળી
(૭) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૮) શ્રી સંજય કોરડીયા
(૯) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૦) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૧) શ્રી ફતેસિંહ ચૌહાણ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**(વિરામ બપોરના ૨–૨૮થી ૩–૨૫ )**

૫. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી નરેશભાઇ પટેલે, સભ્યશ્રી કેશાજી ચૌહાણના અનુમોદનથી

તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.
રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્ય શ્રી કાંતિભાઇ ખરાડી, ડો.તુષાર ચૌધરી, શ્રી અરવિંદભાઇ લાડાણી, શ્રી અમીત ચાવડાએ પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નરેશભાઇ પટેલ
(૨) શ્રી કેશાજી ચૌહાણ
(૩) શ્રી અમીત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)(પ્રવચન અધૂરું)

૬. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આધાર-પુરાવા રજૂ કરવા અંગે**

રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમ્યાન કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા દ્વારા ૨૩ કરોડ ગરીબોની સંખ્યા દેશમાં વધવા બાબતના આંકડાનો ઉલ્લેખ કરતા રાજ્ય કક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરેલ આંકડા બાબતે વાંધો લઇને વિધાનસભા ગૃહમાં આંકડા બાબતે આધાર પુરાવા રજૂ કરવામાં આવે અન્યથા તેમના આ આંકડા બાબતના શબ્દો પાછા ખેંચવા બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાને આંકડા બાબતે આધાર પુરાવા રજૂ કરવા જણાવ્યું.

૭. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૫) શ્રી અરવિંદ રાણા
(૬) શ્રી ફતેસિંહ ચૌહાણ
(૭) શ્રી મેઘજીભાઇ ચાવડા
(૮) શ્રી કેયુર રોકડિયા
(૯) શ્રીમતી રીટાબેન પટેલ
(૧૦) શ્રી સુખાજી ઠાકોર
(૧૧) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૨) શ્રી મોહનભાઇ કોંકણી
(૧૩) શ્રી ઉદય કાનગડ

**( વિરામ સાંજના ૫-૨૨થી ૫-૪૫ )**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૪) ડો. પાયલ કુકરાની
(૧૫) શ્રી જનકભાઇ તળાવીયા
(૧૬) શ્રી ડી.કે. સ્વામી
(૧૭) શ્રી સંજયસિંહ મહિડા
(૧૮) શ્રી યોગેશ પટેલ
(૧૯) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૨૦) શ્રી હર્ષ સંઘવી( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી)

**સભાગૃહ, મંગળવાર તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬-૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**ક્રમાંક–૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ– ૭ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૧થી પર ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી નરેશભાઇ પટેલે, સભ્યશ્રી કેશાજી ચૌહાણના અનુમોદનથી તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગણપતસિંહ વસાવા
(૨) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૩) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૪) શ્રી વિનોદભાઇ મોરડિયા
(૫) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૬) શ્રી અરૂણસિંહ રણા
(૭) શ્રી બલરાજસિંહ ચૌહાણ

**(વિરામ બપોરના ૧૧.૫૯થી ૧૨.૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી જયંતિભાઇ પટેલ
(૯) શ્રી કાંતિભાઇ ખરાડી
(૧૦) ડો.પ્રદ્યુમન વાજા
(૧૧) શ્રી હાર્દિક પટેલ
(૧૨) શ્રી અનિકેત ઠાકર
(૧૩) શ્રી દુર્લભજી દેથરીયા
(૧૪) શ્રી પી.સી. બરંડા
(૧૫) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૬) શ્રી કમલેશભાઇ પટેલ
(૧૭) શ્રી ગૌતમભાઇ ચૌહાણ
(૧૮) શ્રી ચૈતન્ય દેસાઇ
(૧૯) શ્રી યોગેન્દ્રસિંહ પરમાર
(૨૦) શ્રી ચૈતરભાઇ વસાવા
(૨૧) શ્રી બચુભાઇ ખાબડ(રા.ક.ના પંચાયત મંત્રીશ્રી )

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨–૨૪ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧,૨,૩,૪,૫,૬ અને ૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૮થી ૪૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૪-૩૦ કલાકે પૂરો થયો.

૩. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી નરેશભાઇ પટેલે, સભ્યશ્રી કેશાજી ચૌહાણના અનુમોદનથી તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વી.ડી.ઝાલા
(૨) શ્રી રમેશભાઇ કટારા
(૩) શ્રી શૈલેષ પરમાર
(૪) શ્રી જે.વી. કાકડીયા
(૫) શ્રી કનુભાઇ પટેલ
(૬) શ્રી કિરીટકુમાર કે. પટેલ
(૭) શ્રી વિપુલકુમાર પટેલ
(૮) શ્રી રમેશભાઇ ટીલાળા

( વિરામ સાંજના ૫-૨૯થી ૬-૦૦ )

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી કિરીટસિંહ ડાભી
(૧૦) શ્રી અનંતકુમાર પટેલ
(૧૧)શ્રી દિવ્યેશભાઇ અકબરી
(૧૨) શ્રીમતી કંચનબેન રાદડિયા
(૧૩) શ્રી લક્ષ્મણજી ઠાકોર
(૧૪) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૧૫) શ્રીમતી દર્શનાબેન વાઘેલા
(૧૬) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૭) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૧૮) શ્રીમતી ભાનુબેન બાબરીયા( મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી )

ત્યારબાદ સભ્યશ્રી નરેશભાઇ પટેલે ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારા ક્રમાંક-૨, ૫, ૭ અને ૯ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે રાત્રિના ૭-૪૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪

**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**બુધવાર, તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧થી ૭૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**"ઓનીરો લાઇફ કેર" કંપનીમાં બ્લાસ્ટ અંગે**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ નિયમ–૧૧૬ અન્વયે "વડોદરાના પાદરામાં આવેલ ઓનીરો લાઇફ કેર કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ થતા અસરગ્રસ્તો અને કામદારોમાં ઔદ્યોગિક તાલીમ અને સલામતી સામે રોષ અને ભયની લાગણી પ્રસરી માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ

**માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

માનનીય માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા

(૩) ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશ પટેલ**

(૪) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશ પટેલ**

(૫) ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૨૦–૨૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી હિરાભાઇ સોલંકીએ સમિતિનો પહેલો અહેવાલ અહેવાલ રજૂ કર્યો.

**૫. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી હીરાભાઇ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે–

''આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ-૧૨૦)**

**૭. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સરકારી સંકલ્પની દાખલપાત્રતા અંગે**

માનનીય રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા સરકારી સંકલ્પ રજૂ કરવા ઊભા થાય તે પહેલા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા દ્વારા આજનો આ સરકારી સંકલ્પની અમલવારી રાજ્ય સરકાર દ્વારા જ કરવાની હોઇ આ ગૃહ મારફત અનુરોધ કરવો યોગ્ય ન હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગીતા જેવા મહાન ગ્રંથ અંગે ગૃહ થકી એક મેસેજ જાય અને લીધેલા નિર્ણયનો અસરકારક રીતે અમલ થાય તે ઉદ્દેશ છે એમ જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષ પરમાર અને સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દ્વારા પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

પ્રસ્તુત સરકારી સંકલ્પમાં જેની અમલવારી સંપૂર્ણ અસરકારક રીતે થાય તે શબ્દ ઉપર ભાર મૂકેલ હોવાનું અને દાખલપાત્રતા બાબતે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની ગૃહમાં રજૂઆત કરી શકાતી નથી તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કર્યો.

**૮. માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાનો સંકલ્પ (નિયમ-૧૨૦)(ક્રમશઃ)**

માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શીત કરવા બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેનો સમાવેશ કરવામાં આવેલ છે, જેના કારણે રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓના રોજિંદા જીવન અને શાળાકીય અનુભવોમાં ભારતીય સંસ્કૃતિનું જોડાણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણના ધોરણ-૬ થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતા સાર" નો સમાવેશ કરવા અંગેની અમલવારી સંપૂર્ણ અને અસરકારક રીતે થાય તે માટેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ડી.કે. સ્વામી

(૨) શ્રીમતી રિવાબા જાડેજા

(૩) ડો. કિરીટકુમાર ચી. પટેલ

(૪) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી

(૫) શ્રી નરેશભાઇ પટેલ(પ્રવચન અધૂરું)

( વિરામ બપોરના ૨-૩૧થી ૩-૦૦ )

વિરામ બાદ સભ્યશ્રી નરેશભાઇ પટેલે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી કેયુર રોકડીયા

(૭) ડો. દર્શિતા શાહ

(૮) ડો. પ્રધુમન વાજા

(૯) શ્રી ઉમેશભાઇ મકવાણા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૯. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૭૯, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૧૦૨, સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૫, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર

કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૩૯ તથા ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, અને ૩, પૂરક માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૪, ૫, ૭ અને ૮, પૂરક માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯ અને ૧૦, પૂરક માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ અને ૧૩ તથા પૂરક માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી બાબુભાઇ પટેલ
(૩) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૪) શ્રી અમીત ચાવડા( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૫) શ્રી અમીત ઠાકર
(૬) શ્રી મહેશ કસવાલા
(૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૮) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૯) શ્રી સંજય કોરડિયા
(૧૦) શ્રી વિપુલકુમાર પટેલ
(૧૧) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૧૨) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૧૩) શ્રી માનસિંહ ચૌહાણ
(૧૪) શ્રી ચૈતન્ય દેસાઇ
(૧૫) શ્રી સુખાજી ઠાકોર
(૧૬) ડો. પાયલ કુકરાની

**( વિરામ સાંજના ૫–૧૪થી ૫–૪૫ )**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૭) શ્રી અરવિંદ રાણા
(૧૮) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૯) શ્રી કાળુભાઇ ડાભી
(૨૦) શ્રી દિનેશસિંહ કુશવાહ
(૨૧) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા
(૨૨) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૨૩) શ્રી ભરતભાઇ પટેલ
(૨૪) શ્રી શિવાભાઇ ગોહીલ
(૨૫) ડો. દર્શિતા શાહ
(૨૬) શ્રી કલ્પેશભાઇ પરમાર

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ પૂરક માગણીઓ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩ અને ૧૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૭૯, ૧૦૨, ૫, ૩૯ અને ૪૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૫૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**ક્રમાંક–૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરુવાર, તા. ૮મી, ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૮૬, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૨૨, વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૭૪ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક–૯૬ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨, પૂરક માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫, ૬, ૮ અને ૯, પૂરક માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧, પૂરક માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ તથા પૂરક માગણી ક્રમાંક– ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ અને ૧૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય બપોરના ૧.૩૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૩) શ્રી અભેસિંહ તડવી
(૪) શ્રીમતી રીટાબેન પટેલ
(૫) શ્રીમતી રીવાબા જાડેજા
(૬) શ્રી જયંતિભાઇ રાઠવા
(૭) ડો. હસમુખ પટેલ
(૮) શ્રી અક્ષયકુમાર પટેલ
(૯) શ્રીમતી માલતી મહેશ્વરી
(૧૦) શ્રી અનંતકુમાર પટેલ
(૧૧) શ્રી અનિકેત ઠાકર
(૧૨) ડો.જયરામભાઇ ગામીત
(૧૩) શ્રી અનિરુદ્ધ દવે
(૧૪) શ્રી અરૂણસિંહ રણા
(૧૫) શ્રી મેઘજીભાઇ ચાવડા
(૧૬) શ્રી પરસોત્તમભાઇ પરમાર
(૧૭) શ્રી મોહનભાઇ કોંકણી
(૧૮) શ્રીમતી ગીતાબા જાડેજા
(૧૯) શ્રી કનુભાઇ પટેલ
(૨૦) શ્રી ડી.કે.સ્વામી
(૨૧) શ્રી ધવલસિંહ ઝાલા

**વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૨) શ્રી મુકેશકુમાર પટેલ
(૨૩) શ્રી કમલેશભાઇ પટેલ
(૨૪) શ્રી અમૃતજી ઠાકોર
(૨૫) શ્રીમતી દર્શના વાઘેલા
(૨૬) શ્રીમતી સેજલબેન પંડ્યા

**૨. માનનીય ઉપાધ્યક્ષશ્રીની સૂચના**

જે વિભાગની માગણીઓ છે તે વિભાગના સચિવશ્રીઓ હાજર ન હોય તો તેમને હાજર રહેવા માટે માનનીય મંત્રીશ્રીઓને માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૨૭) શ્રી માવજીભાઇ દેસાઇ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૨, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૮૬, ૯, ૨૨, ૭૪ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક-૧,૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૧, ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૪, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૧, ૭૩, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૩ અને ૧૦૬ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩-૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧-૧૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા ૮મી ફેબ્રુઆરી ૨૦૨૪(બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨ અને ૧૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ-૪, ૫ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪થી ૫૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૪-૩૦ કલાકે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

(૪) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રી ઇશ્વરભાઇ પરમારે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૩. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) ડો. હસમુખ પટેલ
(૩) શ્રી પ્રવિણકુમાર માળી
(૪)શ્રી પ્રફુલ પાનશેરીયા(રા.ક.ના શિક્ષણ મંત્રીશ્રી )(પ્રવચન અધૂરું)

**૪. સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

આ તબક્કે શાસક પક્ષના દંડકશ્રી બાળકૃષ્ણ શુકલએ વિરામનો સમય રદ કરીને બિન-સરકારી કામકાજ હાથ પર લેવા પ્રસ્તાવ મૂક્યો, જેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમૃતજી ઠાકોરે સમર્થન આપતાં, તદનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરવામાં આવ્યો.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ પોતાનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું.

**૪. બિન–સરકારી કામકાજ**
**બિન–સરકારી વિધેયકો**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

૧. સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ સન ૨૦૨૩નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગારી આપવા બાબતનું વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

૨. સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક દાખલ થઇ શકયું નહીં.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

**૧.** ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી અમીત શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**૨.** ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**૩.** ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી પુનમચંદ બરંડા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**૪.** સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૫–સન–૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ(રદ કરવા) બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

**સભાગૃહ, શુક્રવાર તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૩૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**શુક્રવાર, તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨, ૩, ૪, ૫, ૬, ૯, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧,૭,૮ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૩થી ૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી મનીષા વકીલે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૩. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય ઉપર ગુરુવાર, તા. ૮મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કિરીટકુમાર ચી. પટેલ
(૨) શ્રી પૂર્ણેશ મોદી
(૩) શ્રીમતી મનીષા વકીલ
(૪) શ્રી કાંતિલાલ અમૃતિયા
(૫) શ્રી સંદીપ દેસાઇ
(૬) શ્રી હેમંતભાઇ આહીર
(૭) શ્રી રમેશભાઇ મિસ્ત્રી

**( વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦ )**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી ત્રિકમ છાંગા
(૯) શ્રી કાંતિભાઇ ખરાડી
(૧૦) શ્રી બાબુસિંહ જાદવ
(૧૧) ડો. દર્શિતા શાહ
(૧૨) ડો. જયરામ ગામીત
(૧૩) શ્રીમતી રિવાબા જાડેજા
(૧૪) શ્રી અનિરુદ્ધ દવે
(૧૫) શ્રી કૌશિકભાઇ જૈન
(૧૬) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા
(૧૭) શ્રી ઋષિકેશ પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી)

**સભાગૃહ, સોમવાર તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૨–૨૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ક્રમાંક–૮

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૧ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૯ અને ૧૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૨થી ૫૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૧ કલાકે પૂરો થયો.

**૨. સરકારી વિધેયક**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૪–૨૫ ના વર્ષના અંદાજપત્ર પરના ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે જે ૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને ૩ મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૩) શ્રી વિમલભાઇ ચુડાસમા

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપર્યુક્ત વિષય ઉપર શુક્રવાર, તા. ૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા ( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૨) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૩) શ્રી ભરતભાઇ પટેલ
(૫) ડો.મહેન્દ્રભાઇ પાડલિયા
(૬) શ્રીમતી માલતી મહેશ્વરી
(૭) શ્રી ભગવાનજીભાઇ કરગટીયા

(૪) શ્રી અભેસિંહ તડવી (૮) શ્રી મહેશભાઇ ભુરીયા

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી લવિંગજી સોલંકી
(૧૦) શ્રી અરવિંદભાઇ લાડાણી
(૧૧) શ્રી મુકેશકુમાર પટેલ
(૧૨) શ્રી કનૈયાલાલ કિશોરી
(૧૩) શ્રી અમીત શાહ
(૧૪) શ્રી પંકજભાઇ દેસાઇ
(૧૫) શ્રી અમુલ ભટ્ટ
(૧૬) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૭) શ્રી કેશુભાઇ પટેલ
(૧૮) શ્રી કુંવરજીભાઇ હળપતિ(રા.ક.ના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી)

**સભાગૃહ, મંગળવાર તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪–૩૧ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૯**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૧૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની પ્રથમ બેઠકની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૪, ૬, ૮, ૯, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૮ અને ૧૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૩, ૫, ૭, ૧૦, ૧૨, ૧૩ અને ૧૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્ર–૨૦થી પરને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

૨ **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપર્યુક્ત વિષય ઉપર સોમવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી
(૩) શ્રી સી.કે. રાઉલજી
(૪) શ્રી અર્જુનસિંહ ચૌહાણ
(૫) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૬) શ્રી દેવાભાઇ માલમ
(૭) શ્રી જીતુભાઇ ચૌધરી

**(વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી ભગાભાઇ બારડ
(૯) શ્રીં કાંતિભાઇ ખરાડી
(૧૦) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૧) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૧૨) શ્રી જીતેન્દ્રકુમાર પટેલ
(૧૩) શ્રી હર્ષદભાઇ પટેલ
(૧૪) ડો. દર્શના દેશમુખ
(૧૫) ગેનીબેન ઠાકોર
(૧૬) શ્રી મનુભાઇ પટેલ
(૧૭) શ્રી રાજેશકુમાર ઝાલા
(૧૮) શ્રી દિનેશસિંહ કુશવાહ
(૧૯) શ્રી રાકેશ દેસાઇ

ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨–૧૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ– ૫ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૩થી ૮૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૪–૩૦ કલાકે પૂરો થયો.

**૨. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) જાહેર સાહસો માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવાએ સમિતિનો પહેલો, બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી પંકજભાઇ દેસાઇએ સમિતિનો પહેલો, બીજો, ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૪–૨૫ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ, મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૩, નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૫, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૧ તથા શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા અને કલ્પસર પ્રભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક–૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક–૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક ૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ તેમજ માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૬, ૨૭, ૨૯, ૩૦ અને ૩૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમિત ચાવડા ( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૨) શ્રી ફતેસિંહ ચૌહાણ
(૩) શ્રી બાબુસિંહ જાદવ
(૪) ડો. મહેન્દ્ર પાડલિયા
(૫) શ્રી જયંતિભાઇ પટેલ
(૬) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૭) શ્રી ત્રિકમ છાંગા ( પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫–૩૦થી ૬–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી ત્રિકમ છાંગાએ અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી સંજયસિંહ મહિડા
(૯) શ્રી જે.વી. કાકડિયા
(૧૦) શ્રી કૌશિકભાઇ જૈન
(૧૧) શ્રી સુખાજી ઠાકોર
(૧૨) શ્રી રમેશભાઇ મિસ્ત્રી
(૧૩) શ્રી કિરીટસિંહ ડાભી
(૧૪) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૫) શ્રી ઉમેશભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા અને કલ્પસર પ્રભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

માગણી ક્રમાંક–૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ સભાગૃહની મંજૂરીથી પરત ખેંચી લેવામાં આવી.

માગણી ક્રમાંક–૬૫ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૦, ૧૧, ૧૨, ૨૧, ૨૩, ૨૬, ૨૭, ૨૯, ૩૦ અને ૩૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૦, ૩૧, ૩૩, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રિના ૭–૪૭ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક–૧૦

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**બુધવાર, તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૭૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

(૧) જી–રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૨) ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયા**

(૩) બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૫) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**ખાણ અને ખનીજ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૭) આણંદ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનાં નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૮) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૯) ગુજરાત લોકાયુક્તનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**૩. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

**(૧) કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પાંચમા અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**(૨) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

**૪. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૩, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૬ તથા પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૭ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯, માગણી ક્રમાંક-૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦, ૧૧, ૧૨, ૧૪ અને ૧૫, માગણી ક્રમાંક-૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ તથા માગણી ક્રમાંક-૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. તુષાર ચૌધરી
(૨) શ્રી સી.કે. રાઉલજી
(૩) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૪) શ્રીમતી કંચનબેન રાદડીયા
(૫) શ્રી કાળુભાઇ ડાભી
(૬) શ્રી ગૌતમભાઇ ચૌહાણ
(૭) શ્રી યોગેશભાઇ પટેલ
(૮) શ્રી દુર્લભજી દેથરીયા
(૯) શ્રી ભીખાભાઇ બારૈયા
(૧૦) શ્રી જનકભાઇ તળાવીયા

**(વિરામ બપોરના ૨-૩૦થી ૩.૦૦)**

(૧૧) શ્રીમતી સેજલબેન પંડ્યા
(૧૨) શ્રી યોગેન્દ્રસિંહ પરમાર
(૧૩) શ્રી ગુલાબસિંહ ચૌહાણ
(૧૪) શ્રી કનૈયાલાલ કિશોરી
(૧૫) શ્રી શૈલેષભાઇ મહેતા
(૧૬) શ્રી ધવલસિંહ ઝાલા

ત્યારબાદ ચર્ચાનો જવાબ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા

જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો. ( પ્રવચન અધૂરું )

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪-૪૪)

**૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૬૬ અને ૬૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક-૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨૨, ૨૩, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, ગુરુવાર તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫-૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ક્રમાંક-૧૧

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**ગુરુવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ- ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ-૬ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૧થી ૫૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧-૦૦ કલાકે પૂરો થયો.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૦ પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી. ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૧ માનનીય રાજ્ય કક્ષાના ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિએ રજૂ કરી. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક-ક્રમાંક-૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩, ૧૪, ૧૬, ૧૭ અને ૧૮ તથા માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રી ભગવાનજીભાઇ કરગટીયા

ત્યારબાદ ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિએ અને પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ ચર્ચાનો જવાબ આપ્યો. ( પ્રવચન અધૂરું)

**૩. સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

આ તબક્કે શાસક પક્ષના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે વિરામનો સમય રદ કરીને વિરામ બાદનું બાકીનું બિન-સરકારી કામકાજ હાથ ઉપર હાથ પર લેવા પ્રસ્તાવ મૂક્યો, જેને કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ સમર્થન આપતાં, તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ વિરામનો સમય રદ કર્યો. ( ૧૧-૪૯)

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ તેમનો અધૂરો રહેલો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક - ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪, ૧૬,

૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૦, ૭૧ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) "પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" ને લગતો સંકલ્પ સભ્યશ્રી કનૈયાલાલ કિશોરી સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

(૨) " વિકસિત ભારત સંકલ્પ યાત્રા " ને લગતો સંકલ્પ સભ્યશ્રી અમુલ ભટ્ટ સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

(૩) " વન નેશન, વન રેશન કાર્ડ " ને લગતો સંકલ્પ સભ્ય શ્રીમતી દર્શના વાઘેલા સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

**સભાગૃહ, શુક્રવાર તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૧૨–૧૩ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૨**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**શુક્રવાર, તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૧૧ અને ૧૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૬, ૯, ૧૦ અને ૧૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.
સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૪થી ૬૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.
પ્રશ્નોત્તરીનો સમય ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૯ ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે રજૂ કરી. ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૦ ખાણ અને ખનીજ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે રજૂ કરી. શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૭, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૮ તથા કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯ શ્રમ અને રોજગાર વિભાગ તથા મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૩, ૫, ૬, ૭, ૮ અને ૯, માગણી ક્રમાંક–૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ તથા માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭, ૨૮, ૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૩) શ્રી અલ્પેશ ઠાકોર
(૪) શ્રી જીતુભાઇ ચૌધરી ( પ્રવચન અધૂરું)

**૩. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

**કાપ દરખાસ્ત રજૂ કર્યા બાદ સભાગૃહમાં હાજર રહેવા અંગે**

કાપ દરખાસ્ત રજૂ કર્યા બાદ સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર રહેતા ન હોવા અંગે સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યશ્રીઓએ સભાગૃહમાં થનાર ચર્ચામા હાજર રહેવું તે રાજ્ય પ્રત્યેની આપણી જવાબદારી ગણાય તેમ જણાવી વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ડો. કિરીટકુમાર પટેલને આ બાબતની પોતાના પક્ષના સભ્યશ્રીઓને સૂચના આપવા જણાવ્યું.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી જીતુભાઇ ચૌધરીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રી રમેશ ટીલાળા
(૬) શ્રી દિવ્યેશભાઇ અકબરી

**(વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી અરવિંદ છો. પટેલ
(૮) શ્રી પરસોત્તમભાઇ પરમાર
(૯) ડો. કિરીટકુમાર ચી. પટેલ
(૧૦) શ્રી ઉદય કાનગડ
(૧૧) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૧૨) શ્રી રાકેશ દેસાઇ
(૧૩) ડો. હસમુખ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ ખાણ અને ખનીજ વિભાગ તથા મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા અને ઉદ્યોગ અને શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક –૧, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૯, ૫૦, ૫૭, ૭૮ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨–૧૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૬ ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪ અને ૧૬ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૪, ૫, ૧૧ અને ૧૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૭થી ૮૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**
**રાધનપુર ખાતે આંખની હોસ્પિટલમાં દર્દીઓને થયેલ અંધાપાની અસર અંગે**

સભ્ય ડો. કિરીટકુમાર ચી. પટેલે પાટણ જિલ્લાના રાધનપુરમાં આવેલ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૭ જેટલા દર્દીઓને થયેલ અંધાપાની અસરના કારણે ઓપરેશન માટે દાખલ થયેલ દર્દીઓ તેમજ તેઓના પરિવારજનોમાં હોસ્પિટલ તંત્ર સામે રોષ અને ભયની લાગણી ફેલાયેલ છે તે માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

ઉક્ત બાબતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪ તથા મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬ રાજ્ય કક્ષાના માનનીય કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી. માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૪ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫ બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯, માંગણી ક્રમાંક–૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧, ૧૨ અને ૧૩, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક–૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિમલભાઇ ચુડાસમા
(૫) શ્રી અમુલ ભટ્ટ

(૨) શ્રી મહેશ કસવાલા
(૩) શ્રી બાબુભાઇ પટેલ
(૪) શ્રી ભગાભાઇ બારડ
(૬) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૮) શ્રીમતી સંગીતાબેન પાટીલ

**૪. છત્રપતિ શિવાજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છા**

માનનીય સભ્યશ્રી સંગીતાબેન પાટીલે છત્રપતિ શિવાજીના જન્મદિન નિમિત્તે શુભેચ્છા વ્યક્ત કરતું વકતવ્ય કર્યું.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી ભરતભાઇ પટેલ
(૧૦) ડો.જયરામભાઇ ગામીત

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૧) શ્રી મહેશભાઇ ભુરીયા
(૧૨) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૩) શ્રી કલ્પેશભાઇ પરમાર
(૧૪) શ્રી કિરીટકુમાર કે. પટેલ
(૧૫) શ્રી હેમંતભાઇ આહીર
(૧૬) શ્રી કિરીટસિંહ ડાભી

ત્યારબાદ ચર્ચાનો જવાબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે  તથા બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપ્યો.

**૭. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક અંગે**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની તા. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજની સભાગૃહની બેઠક પૂરી થયા બાદની બેઠક મુલત્વી રાખવામાં આવેલ હોવાની અને નવી બેઠકની હવે પછીથી જાણ કરવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭  ૨૯ અને ૩૦  મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૬, ૫૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪–૪૫  વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક-૧૪**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૨૦મી, ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪(પ્રથમ બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૩, ૫, ૬, ૭, ૯ ( ચર્ચા અધૂરી) ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ-૯ના પૂરક પ્રશ્ન સરકારી નકલી કચેરી પર કાયદેસરની કાર્યવાહી કરવા બાબતનો શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોર જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન તેમના જવાબથી અસંતોષ વ્યક્ત કરી સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભા થઇ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાતની પ્રજા માટે પ્રશ્નોત્તરીનો સમય અગત્યનો હોઇ પ્રશ્નોત્તરી કાળ આગળ ચાલવા દેવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહની કાર્યવાહીમાં સતત અવરોધ પહોંચાડવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૨ હેઠળ નેઇમ કર્યા.

ત્યારબાદ સભાગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો.

**૩. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રશ્નોત્તરી કાળ મહત્વનો હોઇ તે દરમ્યાન કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર કરી, વેલમાં ધસી આવી સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવામાં સતત ખલેલ પહોંચાડી હોવાથી કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે સમર્થન આપ્યું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા અને નેઇમ કરાયેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા.

**૪. પ્રશ્નોત્તરી (ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ-૨, ૪ અને ૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૩થી ૭૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૯-૩૦ કલાકે પૂરો થયો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૨, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૫ સામાજિક ન્યાય અને અધિકારીતા અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૯૨, માગણી ક્રમાંક–૯૫ અને માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ ઉપર ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ઇશ્વરભાઇ પરમાર
(૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૩) શ્રી હર્ષદકુમાર પટેલ
(૪) શ્રી કાંતિલાલ અમૃતિયા
(૫) શ્રી દિનેશસિંહ કુશવાહ
(૬) શ્રી ભીખાભાઇ બારૈયા
(૭) શ્રી પરસોત્તમભાઇ પરમાર

**(વિરામ સવારના ૧૦–૩૦થી ૧૧–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૮) શ્રી વિપુલકુમાર પટેલ
(૯) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૦) શ્રી કેશાજી ચૌહાણ
(૧૧) શ્રી ગીતાબા જાડેજા
(૧૨) શ્રી ઉમેશ મકવાણા
(૧૩) શ્રી શૈલેષ પરમાર
(૧૪) શ્રીમતી દર્શના વાઘેલા
(૧૫) શ્રીમતી દર્શાનાબેન દેશમુખ
(૧૬) શ્રીમતી રીટાબેન પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ આપ્યો

ત્યારબાદ માગણી ક્રમાંક–૯૨, ૯૫ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧૨–૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૨–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ (બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના તેમજ સભાગૃહમાંથી દૂર થયેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૩, ૬, ૭, ૮ અને ૧૩ને અતારાંકિત ગણાવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૮થી ૬૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૩–૦૦ કલાકે પૂરો થયો.

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ–૧૧૬) અમદાવાદના મણીનગર વિસ્તારમાં આવેલ એલિગન્સની બાંધકામ સાઇટની ભેખડ ધસી પડવા અંગે–પ્રભારી સભ્યશ્રીઓ ગેરહાજર તેમજ સસ્પેન્ડ હોવાથી સૂચના હાથ ધરાઇ શકી નહીં.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦, અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૩ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૬ શિક્ષણ અને આદિજાતિ વિકાસ મંત્રી ડો.કુબેરભાઇ ડીંડોરે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૭

અને ૧૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી. માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થઇ નથી. માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ અને ૧૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી. માગણી ક્રમાંક–૯૬ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રી અમિત ઠાકર
(૩) શ્રી અભેસિંહ તડવી
(૪) શ્રી જયંતિભાઇ રાઠવા
(૫) ડો. મહેન્દ્ર પાડલિયા

**(વિરામ બપોરના ૪–૦૦થી ૪–૩૦ )**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી અરવિંદ પટેલ
(૭) શ્રી રાજેશકુમાર ઝાલા
(૮) શ્રી માનસિંહ ચૌહાણ
(૯) શ્રીમતી સેજલબેન પંડ્યા
(૧૦) શ્રી કનૈયાલાલ કિશોરી
(૧૧) શ્રી કાળુભાઇ ડાભી
(૧૨) શ્રી ચૈતરભાઇ વસાવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ અને આદિજાતિ વિકાસના મંત્રીશ્રી ડો.કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક–૧, ૭, ૧૨, ૧૮ અને ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૯, ૧૦, ૯૩ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**ક્રમાંક–૧૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**બુધવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહીર ( ભરવાડ ) અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૩થી ૯૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૨) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૩) ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૬) ગુજરાત જૈવ વિવિધતા બોર્ડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

(૭) ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન, ગાંધીનગરનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજયકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

(૮) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા**

(૯) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનાં,

(૧) તા. ૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક:
જીટીએચ/૨૦૨૩/૧/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી,

(૨) તા. ૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક:
જીટીએચ/૨૦૨૩/૨/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી

તેમજ ઉક્ત જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજયકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૪ તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૪ રાજય કક્ષાના ગૃહ, જેલ અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૩, ૪ અને ૬, માગણી ક્રમાંક-૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક-૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ અને ૧૬ તથા માગણી ક્રમાંક-૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી અમીત ઠાકર
(૩) શ્રી અલ્પેશ ઠાકોર
(૪) શ્રી અમીત શાહ
(૫) શ્રી વિનોદભાઇ મોરડિયા
(૬) શ્રી બલરાજસિંહ ચૌહાણ ( પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણે અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૮) શ્રી શિવાભાઇ ગોહિલ
(૯) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૦) શ્રી સંજયભાઇ કોરડીયા
(૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૨) શ્રી જિતેન્દ્રકુમાર પટેલ
(૧૩) શ્રી જિજ્ઞેશ મેવાણી

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજય કક્ષાના ગૃહ, જેલ અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો. ( પ્રવચન અધૂરું )

**૪. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૨-૧૯)

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

માગણી ક્રમાંક-૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ સભાગૃહની મંજૂરીથી પરત ખેંચી લેવામાં આવી.

માગણી ક્રમાંક-૭૪ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪,૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩,૧૪, ૧૫ અને ૧૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨–૫૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**ક્રમાંક–૧૬**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**

**સોમવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

**(૧) તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૪, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૮ અને ૨૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૮, ૧૦, ૧૩, ૧૬, ૧૭, ૧૯ અને ૨૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૨૨થી ૬૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**(૨) અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી અને અગિયારમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૭ માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા તથા રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ રજૂ કરી

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૩, ૪, ૫, ૬ અને ૭ તથા માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧ અને ૨૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અમીત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૨) શ્રી અલ્પેશ ઠાકોર
(૩) શ્રી મોહનભાઇ ઢોડિયા
(૪) શ્રી બાબુભાઇ પટેલ
(૫) શ્રી કેશુભાઇ પટેલ
(૬) શ્રી શિવાભાઇ ગોહીલ
(૭) શ્રી જે.વી. કાકડિયા
(૮) શ્રી કરશનભાઇ સોલંકી
(૯) શ્રી દિવ્યેશભાઇ અકબરી
(૧૦) શ્રી સંદીપ દેસાઇ
(૧૧) શ્રી અરવિંદ લાડાણી
(૧૨) શ્રી યોગેન્દ્રસિંહ પરમાર(પ્રવચન અધૂરું)

**( વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમારે અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૩) શ્રી કલ્પેશભાઇ પરમાર
(૧૪) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૫) શ્રી રાજેશકુમાર ઝાલા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા અને રાજ્ય કક્ષાના સહકાર

મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપ્યો.

**૩. ગૃહના અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીની જાહેરાતો**

**(૧) ગૃહની બેઠકના સમયમાં ફેરફાર અંગે**

તા ૨૭, ૨૮ ફેબ્રુઆરીના રોજ ગૃહની બે બેઠકો પૂરી થયા બાદ બંને પક્ષના દંડકોની સંમતિથી ફિલ્મ બતાવવાનું આયોજન કરેલ હોવાથી તા. ૨૭, ૨૮ અને ૨૯મી ફેબ્રુઆરીના રોજ ગૃહની બેઠકોનો સમય સવારના ૧૦–૦૦ વાગ્યાના બદલે સવારના ૯–૦૦ વાગ્યાનો કરવા અંગેની માનનીય ઉપાધ્યક્ષશ્રીએ અધ્યક્ષસ્થાનેથી જાહેરાત કરી.

**(૨) ગુજરાત પાર્લમેન્ટરી એસોસીએશનની બેઠક અંગે**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં આજ રોજ વિધાનસભાની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીઓને તેની નોંધ લેવા અંગેની માનનીય ઉપાધ્યક્ષશ્રીએ અધ્યક્ષસ્થાનેથી જાહેરાત કરી.

**(૩) મહાત્મા મંદિર ખાતે ફિલ્મ નિહાળવા અંગે**

ગામડાની અભણ, વિધવા તેમજ બેરોજગાર પશુપાલક મહિલાઓ પશુપાલન અને દૂધ ઉત્પાદન થકી કેવી રીતે આત્મનિર્ભર થઇ શકે તે વિષયને લગતી ગુજરાતી ફિલ્મ 'મીરા' નું આજ રોજ સાંજે ૭–૦૦ વાગ્યે સેમીનાર હોલ, મહાત્મા મંદિર ખાતે ભોજન સાથે આયોજન કરેલ હોવાથી ફિલ્મને નિહાળવા અંગે સૌ માનનીય મંત્રીશ્રીઓ, સભ્યશ્રીઓ તથા પત્રકાર મિત્રોને અનુરોધ કરતી જાહેરાત માનનીય ઉપાધ્યક્ષશ્રીએ અધ્યક્ષસ્થાનેથી કરી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૩, ૪, ૫, ૬, ૭, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧ અને ૨૨ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૫, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૪–૨૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**મંગળવાર, તા. ૨૭મી, ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ (પ્રથમ બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૩, ૪, ૫, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૨, ૬ અને ૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૪થી ૫૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦-૦૦ કલાકે પૂરો થયો.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૭, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૧, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૮ તથા ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭, વન અને પર્યાવરણ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા ક્લાઇમેટ ચેઇન્જ વિભાગના માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩ અને ૫, માગણી ક્રમાંક-૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૬, ૭, ૮, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક-૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૧, માગણી ક્રમાંક-૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી ગણપતસિંહ વસાવા
(૩) શ્રી જીતુભાઇ ચૌધરી
(૪) શ્રી ભગાભાઇ બારડ
(૫) શ્રી યોગેશ પટેલ
(૬) શ્રી હાર્દિક પટેલ
(૭) શ્રીમતી માલતી મહેશ્વરી
(૮) શ્રી સંજયસિંહ મહિડા

**(વિરામ સવારના ૧૦.૫૮થી ૧૧.૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી અમુલ ભટ્ટ
(૧૦) શ્રી વિમલ ચુડાસમા
(૧૧) શ્રી રમેશભાઇ ટીલાળા
(૧૨) શ્રી કેયુર રોકડિયા
(૧૩) શ્રી અરવિંદ પટેલ
(૧૪) શ્રી જનકભાઇ તળાવિયા

ત્યારબાદ ચર્ચાનો જવાબ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગના રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તથા વન અને પર્યાવરણ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ક્લાઇમેટ ચેઇન્જ વિભાગના માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક-૩, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭,

૧૯ અને ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨૬, ૨૭, ૫૧, ૯૮ તથા ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧-૩૯ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ- ૧, ૨, ૩, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૫ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ- ૪, ૫, ૧૩ અને ૧૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૬થી ૬૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩-૩૦. કલાકે પૂરો થયો.

**૨. જાહેર અગત્યની બાબત પર માનનીય રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા બેટ દ્વારકા જવા આવવા માટેના ચાર (૦૪) રૂટોની મંજૂરી આપતા સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિયમ-૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની સ્પષ્ટતા**

**નિયમ-૪૪ ના નિવેદન અંગે**

વિધાનસભા ચાલતી હોય ત્યારે રાજ્ય સરકાર કોઇ પણ નિર્ણય કરે ત્યારે તેની પ્રથમ જાણ સભાગૃહના સભ્યોને કરવાનું ઔચિત્ય હોઇ, ગૃહમાં જાહેરાત કરવાની હોવાથી અને માનનીય મંત્રીશ્રીએ આ અંગેની મંજૂરી લીધેલ હોવાથી, નિયમ-૪૪ના નિવેદન અંગેનો નિર્ણય કરેલ હોવાની માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.**

**(૧)** ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન હબના સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા**

**(૨)** ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

**(૩)** ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

**(૪)** ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(૫) ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૬) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૭) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૮) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૯) ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૧૦) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૧૧) આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬–૧૭નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૧૨) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૧૩) ગુજરાત રાજ્ય દિવ્યાંગ ફંડના સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો તેમજ સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૧૪) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૨૧–૨૨ ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૫) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેનું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું તા.૨૫/૦૧/૨૦૨૪ નું જાહેરનામા ક્રમાંક: જીટીએચ/ ૨૦૨૪/ ૩/ એફસીએસસીએડી/ એમકેએમ/ ઈ–ફાઇલ/ ૫/ ૨૦૨૨/ ૧૨૪૧/સી–૧

**માનનીય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૬. સભાગૃહના બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ રાઠવાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૦, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૦ કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫, માગણી ક્રમાંક–૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ અને ૧૮, માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯, ૨૦ અને ૨૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. કિરીટકુમાર પટેલ( કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૩) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૪) ડો. દર્શિતા શાહ
(૫) શ્રી કેશાજી ચૌહાણ

**૮. સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

આ તબક્કે સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે વિરામનો સમય રદ કરીને વિરામ બાદનું બાકીનું કામકાજ હાથ પર લેવા પ્રસ્તાવ મૂક્યો, જેને અપક્ષ સભ્યશ્રી માવજીભાઇ દેસાઇએ સમર્થન આપતા, તદનુસાર અધ્યક્ષ સ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ વિરામનો સમય રદ કર્યો. (૪–૨૬)

**૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) ડો. હસમુખ પટેલ
(૭) શ્રી જયંતિભાઇ પટેલ
(૮) ડો. પ્રદ્યુમન વાજા
(૯) શ્રી કાળુભાઇ રાઠોડ
(૧૦) શ્રી મહેશભાઇ ભુરીયા
(૧૧) ડો. પાયલબેન કુકરાની
(૧૨) ડો. દર્શના દેશમુખ

ત્યારબાદ ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન**

માનનીય મંત્રીશ્રી કે સભ્યશ્રી જ્યારે પ્રવચન કરતા હોય તે વખતે તેમની પાછળ કેમેરામાં આવે તે રીતે પટ્ટાવાળા કે અન્ય કોઇએ ઊભા ન રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી.

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯, ૪૦ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાતો**

**(૧) ફિલ્મ 'દીવાસ્વપ્ન' નો શો નિહાળવા અંગે**

ભાર વગરના ભણતર અને પ્રાકૃતિક ખેતીના સંકલ્પને ઉજાગર કરતી શિક્ષણવિદ શ્રી ગિજુભાઇ બધેકાના પુસ્તક પરથી નિર્માણ પામેલ ગુજરાતી ફિલ્મ 'દિવાસ્વપ્ન' નો શો નિહાળવા માટે ભોજન સહિત આયોજન આજ રોજ તા. ૨૭–૨–૨૦૨૪ના રોજ સેમિનાર હોલ, મહાત્મા મંદિર ખાતે સાંજે ૮–૦૦ કલાકે કરેલ હોવાથી તમામ મંત્રીશ્રીઓ, સભ્યશ્રીઓ તથા પત્રકાર મિત્રોને ઉપસ્થિત રહેવા માનનીય અધ્યક્ષશ્રીએ અનુરોધ કર્યો.

**(૨) મેડિકલ કેમ્પના આયોજન અંગે**

આવતીકાલ બુધવાર, તા. ૨૮–૨–૨૦૨૪ ના રોજ સવારે ૯–૦૦ થી બપોરના ૪–૦૦ કલાક દરમ્યાન મેડિકલ કેમ્પનું આયોજન કરેલ હોવાથી સર્વ સભ્યશ્રીઓ તથા પત્રકાર મિત્રોને મેડિકલ કેમ્પનો લાભ લેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે**

**ફરી મળવા માટે સાંજના ૬–૧૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**ક્રમાંક–૧૮**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ( પ્રથમ બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ–૧, ૪, ૫, ૭, ૮, ૯, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૨, ૩, ૬ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૩થી ૭૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

**માનનીય મંત્રીશ્રીઓને યોગ્ય રીતે બ્રિફ કરવા અંગે**

માનનીય મંત્રીશ્રીઓ તેમના પ્રશ્નને યોગ્ય રીતે સમજે અને ગૃહમાં મંત્રીશ્રીઓને વારંવાર ચિઠ્ઠીઓ આપવી ન પડે તે રીતે બ્રિફ કરવાની જવાબદારી જે તે વિભાગના સચિવશ્રીની હોવાથી ભવિષ્યમાં આ બાબતની કાળજી રાખવા માનનીય અધ્યક્ષશ્રીએ જે તે વિભાગના સચિવશ્રીઓને સૂચના આપી.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

કર વસૂલાત ખર્ચ( ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, નાણાં વિભાગને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૫, કર વસૂલાત ખર્ચ (નાણાં વિભાગ)ને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૮ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણાં વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક–૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક–૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪, ૨૫ અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માગણીઓ પરની ચર્ચા શરૂ થવાના તબક્કે માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીનનો સમય બપોરના ૧૨–૩૦ વાગ્યાનો ઠરાવ્યા અંગે જણાવ્યું.

૪. ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી નરેશભાઇ પટેલ
(૩) શ્રીમતી મનીષા વકીલ
(૪) શ્રી અનિરુદ્ધ દવે
(૫) શ્રી ત્રિકમ છાંગા
(૬) શ્રી ચૈતન્ય દેસાઇ

**(વિરામ સવારના ૧૧-૦૦થી ૧૧-૩૦ )**

વિરામ બાદ ચર્ચાનો જવાબ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા નાણાં વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક-૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૮ ૧૯, ૨૪, ૨૫ અને ૨૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. સન ૨૦૨૪-૨૦૨૫ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ માગણી ક્રમાંક-૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી. જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક-૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**આર્ટીકલ-૩૭૦ ફિલ્મના શોના આયોજન અંગે**

આજ રોજ તા. ૨૮-૨-૨૦૨૪ ના રોજ સાંજે ૭-૧૫ કલાકે ફિલ્મ આર્ટીકલ-૩૭૦નું આયોજન સ્ક્રીન નં.૩, સિનેમેક્સ થિયેટર, સુમન ટાવર, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ હોવાથી સર્વ માનનીય ધારાસભ્યશ્રીઓને સહપરિવાર ઉપસ્થિત રહેવા માટેના નિમંત્રણની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૨-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧૨-૩૩ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૨-૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ-૧ને અતારાંકિત ગણવામાં આવ્યો.

પ્રશ્નોત્તરીનો સમય ૩-૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

**નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.**

**(૧)** ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૩) ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડના સન ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨ના વાર્ષિક અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૫) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૯–૨૦નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૬) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ

**માનનીય ઉર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૭) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૭–૧૮નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

(૮) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ તેમજ સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૯) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૦) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૨–૨૩નું સુધારેલ અંદાજપત્રક અને સન ૨૦૨૩–૨૪ના વર્ષનો વાર્ષિક ગૃહનિર્માણ કાર્યક્રમ અને મૂડીના કામોનું અંદાજપત્રક

**શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૧) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૨) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ

**સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૩) સન ૨૦૦૧નાં ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેનું નાણાં વિભાગનું તા.૦૮/૦૯/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૬૪)એમસીઆર–૨૦૨૧(૯)ઠ તથા આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૧૪) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેનાં નાણાં વિભાગનાં,

(૧) તા.૦૬/૦૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૩) જીએસટીઆર–૨૦૨૦/એસ.૧૬૪(૫૨)ઠ

(૨) તા.૦૧/૦૧/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૪) જીએસટીઆર–૨૦૨૨/એસ.૧૬૪(૭૮)ઠ

(૩) તા.૦૬/૦૬/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૪૦) જીએસટી–૨૦૨૨/એસ.૧૨૮(૩૫)ઠ

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**(૧૫)** સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં

તા.૦૬/૧૨/૨૦૨૩નાં જાહેરનામાં ક્રમાંક: ૦૩, ૦૪ અને ૦૫

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

**૩. અનુમતિ મળેલ વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (ચોથા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૧ અને ૩ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૪. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) જાહેર હિસાબ સમિતિના માનનીય પ્રમુખશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

**૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૬. સરકારી વિધેયકો**

(૧) માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૪નું ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અંગે સુધારા બાબત) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) ડો. હસમુખ પટેલ
(૩) શ્રી ઉદય કાનગડ
(૪) શ્રી પ્રવીણકુમાર માળી

ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**(૨)** માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪નું ગુજરાત ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (પ્રવચન અધૂરું)

**૭. સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીનો વિધેયક પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવ્યો. (બપોરના

૩-૪૫)

**૮. સરકારી વિધેયકો ( ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી અમીત ઠાકર
(૩) ડો. હસમુખ પટેલ
(૪) ડો. કિરીટકુમાર પટેલ
(૫) શ્રી કૌશિકભાઇ જૈન

ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ થી ૧૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૧૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**( વિરામ બપોરના ૪-૨૯થી ૫-૦૦)**

**૯. બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**(૧) માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીનો સંકલ્પ**

**''વન નેશન, વન રાશન કાર્ડ'' ના બહોળા પ્રચાર-પ્રસાર અંગે**

સભ્યશ્રી અભેસિંહ તડવીએ ''વન નેશન, વન રાશન કાર્ડ''નો અસંખ્ય લોકો લાભ મેળવી રહ્યા છે ત્યારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો લાભ જરૂરિયાતમંદ લોકો સરળતાથી મેળવી શકે તે માટે વન નેશન, વન રાશન કાર્ડ એટલે કે ONORC ની જાણકારી તમામ નાગરિકો સુધી પહોંચે તે માટે બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર કરવા અને છેવાડાના માણસને યોજનાથી લાભાન્વિત બનાવવા માટે અસરકારક પગલાં લેવાં અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જગદીશ મકવાણા ( નાયબ મુખ્ય દંડકશ્રી)
(૨) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૩) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા

ચર્ચાનો જવાબ માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**(૨) માનનીય સભ્યશ્રી રમેશભાઇ ટીલાળાનો સંકલ્પ**

**વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સફળ આયોજન અંગે**

માનનીય સભ્યશ્રી રમેશભાઇ ટીલાળાએ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઝારખંડ રાજ્યમાંથી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નો પ્રારંભ કરાવ્યો હતો અને વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળતા આ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના અજોડ આયોજન બદલ સભાગૃહ રાજ્ય સરકારને અભિનંદન આપતો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કૌશિક વેકરીયા(નાયબ મુખ્ય દંડકશ્રી)
(૨) ડો. કિરીટકુમાર પટેલ
(૩) શ્રી વિજયભાઇ પટેલ( નાયબ મુખ્ય દંડકશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના પંચાયત મંત્રીશ્રી બચુભાઇ ખાબડે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**સભાગૃહ, ગુરુવાર તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૬–૩૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ડી.એમ.પટેલ

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

સચિવ,
ગુજરાત વિધાનસભા.

તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ક્રમાંક–૧૯

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**ગુરુવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ– ૧, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૨ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૯થી ૬૬ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦–૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**(૧)** (ક) ગુજરાત સરકારના સન ૨૦૨૨–૨૩ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી અને ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૨–૨૩ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી અને ગુજરાતી)

**માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

**(૨)** આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડના સન ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૧–૨૨ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

**(૩)** ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

**(૪)** ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૫) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૬) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની

સરકારની સમીક્ષા

**માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૭) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**પશુપાલન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૮) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશ પટેલ**

(૯) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૦) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

**૩. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

અંદાજ સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી મનીષા વકીલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

**૪. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અરવિંદભાઇ લાડાણી

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમવાર વાચન

કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયાએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૪નું ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૫. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

આજ રોજ તા. ૨૯-૨-૨૦૨૪ ના રોજ સભાગૃહના વિરામના સમયની શરૂઆતમાં પુષ્પાંજલિ કાર્યક્રમના સમાપ્તિ બાદ વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં ગુજરાત પોલીસ દ્વારા સાઇબર ક્રાઇમ અંગેના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હોવાની અને તેમાં સૌ સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૬. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

**ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા

(૨) શ્રી કમલેશભાઇ પટેલ

(૩) શ્રીમતી રિવાબા જાડેજા (પ્રવચન અધૂરું)

**( વિરામ સવારના ૧૧–૦૦થી ૧–૦૦)**

વિરામ બાદ સભ્ય શ્રીમતી રિવાબા જાડેજાએ અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી મુકેશકુમાર પટેલ

(૫) ડો. કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

(૬) શ્રી ઉમેશભાઇ મકવાણા

ચર્ચાનો જવાબ રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૩૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૩૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે આજના દિવસના કામકાજની યાદી પરનું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. કિરીટકુમાર પટેલે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧–૫૬)

**૮. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

**ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા

(૨) શ્રી ભગાભાઇ બારડ

(૩) શ્રી સંદીપ દેસાઇ

(૪) ડો. કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૯. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

**સભ્યશ્રી માવજીભાઇ દેસાઇનો " વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ " અંગે પ્રસ્તાવ ( ૬૦ મિનિટ)**

સભ્યશ્રી માવજીભાઇ દેસાઇએ યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત ૨૦૪૭નું આહ્વાન કર્યું છે. અને આ માટે 'વાઇબ્રન્ટ ગુજરાત

ગ્લોબલ સમિટ–૨૦૨૪' દ્વારા દેશ–વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓને મૂડીરોકાણની તકો વિશે માહિતગાર કરી આ સમિટને સફળ બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અને જેના થકી રાજ્યનો વિકાસનો પાયો નક્કર અને મજબૂત બનનાર છે, ત્યારે ગુજરાત રાજ્યમાં ઊભી થયેલી વિકાસની આ આશાને વાસ્તવિકતામાં સફળતાપૂર્વક પાર પાડવા અંગે આ સભાગૃહમાં ચર્ચા–વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

(૧) શ્રી રમણભાઇ સોલંકી(નાયબ મુખ્ય દંડકશ્રી)
(૨) શ્રી મહેશભાઇ કસવાલા
(૩) શ્રી પ્રવીણકુમાર માળી
(૪) ડો.કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૫) શ્રી બળવંતસિંહ રાજપૂત(ઉદ્યોગ મંત્રીશ્રી)

છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.

**૧૦. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો (નિયમ–૮૭–ક)**

સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે ૨૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૧. સત્રાંતે આભાર વિધિ**

૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં છેલ્લા દિવસે સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણી, ડો.કિરીટકુમાર પટેલ, શ્રી ઋષિકેશભાઇ પટેલે માનનીય અધ્યક્ષશ્રીને સત્રના સુચારું સંચાલન બદલ અભિનંદન આપ્યા અને સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ શાસક પક્ષના તેમજ વિપક્ષના તમામ સભ્યો તેમજ મંત્રીશ્રીઓનો સભાગૃહના સુચારું સંચાલનમાં સહકાર આપવા બદલ આભાર માન્યો.

**૧૨. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

**માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૩–૩૬ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.**

**ત્યારબાદ " વંદેમાતરમ " રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.